સાપ્તાહિક

# ક્રાઈમ કિંગ

CRIME KING (weekly)

EDITOR : NIKITA R. SAXENA

(MO) 98796 16556

E-mail : crimekingnews.gmail.com

RNI NO : GUJGUJ/2014/56392

PRINTED MATTER

To,

✱ AT : 45, KONARAK SOCIETY, NEAR SUNDARAM COMPLEX, JAWAHAR CHOWK, SARBARMATI, AHMEDABAD - 380019.

* YEAR : 10 *   Issue No.15 * Date : 28-07-2023 * Friday * Page No. 4 Rs. 01.00 * Annual Rs.50/-


# કારગિલ વિજયના ૨૪ વર્ષ, નરેન્દ્ર મોદીએ સેનાના જવાનોને કર્યા યાદ

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી,

આજે ૨૬મી જુલાઈએ સમગ્ર દેશ કારગિલ વિજય દિવસની ઉજવણી કરી રહ્યો છે. ૨૪ વર્ષ પહેલા ૧૯૯૯માં આજના દિવસે કારગીલે શિખરો પર ઘૂસી ગયેલા દુશ્મનને ભગાડીને વિજય જાહેર કર્યો હતો. આ અવસર પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતીય સેનાના નાયકોને યાદ કર્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્વિટ કરીને લખ્યું કે, કારગિલ વિજય દિવસ ભારતના તે અદભૂત બહાદુરોની શૌર્ય ગાથાને સામે લાવે છે, જે હંમેશા દેશવાસીઓ માટે પ્રેરણા બની રહેશે.

આ ખાસ દિવસે, હું મારા હૃદયના ઊંડાણથી તેમને નમન કરું છું અને વંદન કરું છું. ભારત લાઈવ! કેન્દ્રીય રક્ષા મંત્રી રાજનાથ સિંહ કારગિલ વિજય દિવસ નિમિત્તે લદ્દાખના દ્રાસમાં કારગિલ યુદ્ધ સ્મારક પહોંચ્યા હતા. તેમણે કારગિલ યુદ્ધમાં શહીદ થયેલા જવાનોને શ્રદ્ધાંજલિ આપી હતી.

એક સંબોધનમાં રક્ષા મંત્રીએ કહ્યું કે, ૧૯૯૯માં દેશના સૈનિકોએ ભારતની રક્ષા માટે જે બહાદુરી દર્શાવી હતી તે સુવર્ણ અક્ષરોમાં લખવામાં આવશે. તેમણે કહ્યું, આજે આપણે ખુલ્લી હવામાં શ્વાસ લઈ શકીએ છીએ કારણ કે આપણા સૈનિકોએ ૦ ડિગ્રીથી ઓછા તાપમાનમાં ઓક્સિજનની અછત હોવા છતાં તેમની બંદૂકો ક્યારેય નીચે કરી નથી. આજે કારગીલમાં ભારતનો ધ્વજ ફરકાવવામાં આવી રહ્યો છે કારણ કે ૧૯૯૯માં ભારતના સૈનિકોએ પોતાની બહાદુરીનો પરિચય આપતાં દુશ્મનોની છાતી પર તિરંગો ફરકાવ્યો હતો.

આ પ્રસંગે ગૃહમંત્રી અમિત શાહે ટ્વીટ કરીને કહ્યું કે, કારગિલ વિજય




દિવસ કરોડો દેશવાસીઓના સન્માનનો વિજય દિવસ છે.

આ તે તમામ પરાક્રમી યોદ્ધાઓને શ્રદ્ધાંજલિ આપવાનો દિવસ છે જેમણે પોતાની માતૃભૂમિના દરેક કણની આકાશથી ઉંચી ભાવના અને પર્વતની જેમ ચુસ્ત સંકલ્પ સાથે રક્ષણ કર્યું હતું. શાહે આગળ લખ્યું કે, ભારત માતાના બહાદુર સૈનિકોએ પોતાના બલિદાનથી આ વસુંધરા સર્વોપરીનું ગૌરવ, ગૌરવ અને ગૌરવ માત્ર જાળવી રાખ્યું નથી, પરંતુ તેમની જીતેલી પરંપરાઓને પણ જીવંત રાખી છે. આભારી રાષ્ટ્ર વતી, હું કારગીલની દુર્ગમ પહાડીઓ પર ફરી ગર્વથી ત્રિરંગો લહેરાવીને દેશની અખંડિતતાને અકબંધ રાખવાના તમારા સમર્પણને સલામ કરું છું.

# શખ્સે જીતી ૧૦૦ કરોડની લોટરી, ડ્રગ્સ અને પાર્ટીમાં ખર્ચ્યા પૈસા

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી,

આ દુનિયામાં દરેક વ્યક્તિ કોઈપણ મહેનત કર્યા વિના સરળતાથી પૈસા કમાવવા માંગે છે. આજના સમયમાં પૈસા કમાવવા જરાય મુશ્કેલ નથી, પરંતુ એ મુશ્કેલ છે કે પૈસા કમાયા પછી તેને કેવી રીતે સાચવવું કારણ કે જેટલી ઝડપથી પૈસા વ્યક્તિની પાસે આવે છે, તેટલી ઝડપથી પૈસા વ્યક્તિ પાસેથી દૂર જાય છે. આવું જ કંઈક બ્રિટનના એક વ્યક્તિ સાથે થયું જ્યારે તેને લગભગ ૧૦૦ કરોડ રૂપિયાની લોટરી લાગી! તેણે પાણીની જેમ પૈસા વહાવ્યા અને હવે તે ગરીબ બની ગયો છે. તમને તેના જીવનમાંથી એ જ પાઠ મળશે કે પૈસા કેવી રીતે બચાવવા. રિપોર્ટ અનુસાર, તમારે નક્કી કરવાનું છે કે સ્કોટિશ શહેર એલ્ગિનના રહેવાસી ૪૦ વર્ષીય માઈકલ કેરોલને કમનસીબ કહેવા જોઈએ કે મૂર્ખ. વર્ષ ૨૦૦૨માં માઈકલ ૧૯ વર્ષનો હતો ત્યારે તેને લોટરી લાગી હતી. લોટો લોટ નેશનલ લોટરીના વિજેતા માઈકલને લગભગ ૧૦૦ કરોડ રૂપિયા મળ્યા છે.

પરંતુ તેણે એવું ન વિચાર્યું કે પૈસાનું રોકાણ કરીને તેને વધુ વધારવું જોઈએ. ઉલટાનું માઈકલ તેનો ખર્ચ કરતો ગયો. તેણે નોર્ફોકમાં ૩ કરોડ રૂપિયાથી વધુમાં ૬ રૂમનું ઘર ખરીદ્યું અને પછી ૪.૨ કરોડ રૂપિયા અલગથી ખર્ચીને તે ઘર જાતે બનાવ્યું. તેણે આ ઘરનું નામ ધ ગ્રેન્જ રાખ્યું છે. એ ઘર નશા અને બદનામીનો અડ્ડો બની ગયું હતું. ધ સન વેબસાઈટ સાથે વાત કરતા માઈકલે કહ્યું કે તે અલગ-અલગ મહિલાઓને તેના ઘરે પાર્ટીઓમાં આમંત્રિત કરશે અને પછી તેમની સાથે રોમાન્સ કરશે.

તે પોતે સ્વીકારે છે કે ૧-૨ હજાર પછી તેણે મહિલાઓની સંખ્યા પર ધ્યાન આપવાનું બંધ કરી દીધું હતું પરંતુ તેને ખાતરી છે કે તે સમયગાળામાં તેના ૪૦૦૦ થી વધુ સ્ત્રીઓ સાથે સંબંધો હતા. આટલું જ નહીં તેની પાર્ટીમાં ડ્રગ્સનો ઉપયોગ થતો હતો. તે કોકેઈનની પાર્ટીઓ ફેંકતો હતો અને એક વખત ૧૯૮૦ના દાયકાના લંડનના કુખ્યાત ગેંગસ્ટરે પણ હાજરી આપી હતી. તે દરરોજ સવારે ઉઠતો, ડ્રગ્સ લેતો, વોડકા પીતો અને પછી પાર્ટી શરૂ થઈ જતી. તે દરરોજ પાર્ટી કરવા નોરફોકથી લંડન જતો હતો. તેણે કહ્યું કે તેના ઘરની એવી ઘણી વાતો છે કે તે આ મામલે પ્લેબોય મેન્શનને પણ માત આપી શકે છે. આટલી લક્ઝરીમાં રહેવાને કારણે તે માત્ર ૮ વર્ષમાં જ ગરીબ થવા લાગ્યો.

# ઈન્ડિયન ઓઈલની ગેસ પાઈપ લાઈનમાં નદીની વચ્ચે જ બ્લાસ્ટ

(સંપૂર્ણ સમાચાર સેવા)
બાગપત, તા.૨૬

ઉત્તર પ્રદેશના બાગપત જિલ્લાના જાગોશ ગામમાં યમુના નદીની વચ્ચે ઈન્ડિયન ઓઈલ કંપનીની ગેસ પાઈપલાઈન અચાનક બ્લાસ્ટ થઈ હતી જેના સમાચાર વાયુવેગે ફેલાતા જ વિસ્તારમાં ચકચાર મચી ગયો હતો. આ ગેસ પાઈપલાઈનમાં બ્લાસ્ટ થતા પાણીના ફૂવારા ઉછળ્યા હતા. યમુનામાંથી પસાર થતી પાણીપત-દાદરી ગેસ પાઈપલાઈન સવારે ૩ વાગ્યે અચાનક વિસ્ફોટ સાથે ધડાકાભેર બ્લાસ્ટ થઈને તુટી ગઈ હતી. આ ઘટનાની માહિતી મળતાં જ ફાયર બ્રિગેડ, સિંચાઈ વિભાગ અને જિલ્લાના તમામ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. ગાઝિયાબાદના જિલ્લા મેજિસ્ટ્રેટની સૂચના બાદ હાલ માટે ગેસનો પુરવઠો બંધ કરી દેવામાં આવ્યો છે. જો કે હાલ આ ઘટનાથી કોઈ નુકસાન થયું નથી. આ ઘટનાને પગલે આસપાસના વિસ્તારના લોકોને એલર્ટ કર્યા છે. આ સાથે ગેસ કંપનીના લોકોને પણ માહિતી આપવામાં આવી છે. વીડિયોમાં પાઈપલાઈનમાં ભંગાણ થયા બાદ પાણીનો ઉંચો ફુવારો ઉછળતો જોઈ શકાય છે. આ અચાનક ગેસ બ્લાસ્ટ થવાનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી પરંતુ એવું માનવામાં આવે છે કે યમુનામાં પાણીના ઝડપી પ્રવાહમાં પથ્થર અથડાવાને કારણે પાઈપલાઇનમાં બ્લાસ્ટ થયો હોવાની સંભાવના સેવાઈ રહી છે. ગેસ પાઈપલાઈનમાં બ્લાસ્ટ થયા બાદ યમુના નદીમાં પાણીનો ઉછાળો જોવા માટે ગ્રામજનોની ભીડ ઉમટી પડી હતી. યમુના નદીનો આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. તેમાં પાણીના ઊંચા મોજા ઉછળતા જોઈ શકાય છે. નદીની વચ્ચોવચ ગેસ પાઈપલાઈન બ્લાસ્ટ થતા ચારેબાજુ ભયનો માહોલ સર્જાયો હતો.

## તંત્રી લેખ...

# ન્યુક્લીયર બોમ્બના જનક ઓપનહેમર હીરો કે વિલન

પરમાણુ બોમ્બના જનક મનાતા જે. રોબર્ટ ઓપનહેમરના જીવન પરથી બનેલી ફિલ્મ ‘ઓપનહેમર‘ ધૂમ મચાવી રહી છે. હોલીવુડના દિગ્ગજ નિર્દેશક ક્રિસ્ટોફર નોલાન દ્વારા નિર્દેશિત ‘ઓપનહેમર‘ ૨૧ જુલાઈએ રીલીઝ થઈ અને પહેલા ચાર દિવસમાં જ ૧૭ કરોડ ડોલર (લગભગ ૧૪૦૦ કરોડ રૂપિયા)નો વકરો કરીને સુપરહીટ થઈ ગઈ છે. ૧૦ કરોડ રૂપિયાના ખર્ચે બનેલી ‘ઓપનહેમર‘ કરતાં ‘બાર્બી‘નો વકરો લગભગ ડબલ છે પણ બંને ફિલ્મોમાં આસમાન જમીનનો ફરક છે.

‘બાર્બી‘ એકદમ હળવી ને યંગસ્ટર્સને ગમે એવી ફિલ્મ છે જ્યારે ‘ઓપનહેમર‘ ગંભીર વિષય પરની થ્રીલર છે. ‘બાર્બી‘ બે કલાકથી પણ ઓછો રનિંગ ટાઈમ ધરાવતી મૂવી છે જ્યારે ‘ઓપનહેમર‘ પૂરા ત્રણ કલાકની ફિલ્મ છે. થીયેટરમાં જવાથી લોકો દૂર ભાગી રહ્યા છે ત્યારે ત્રણ કલાકની મૂવી ૧૭ કરોડ ડોલરની કમાણી ચાર જ દિવસમાં કરી જાય એ મોટી વાત છે એ જોતાં ‘ઓપનહેમર‘ સુપરહીટ મૂવી છે.

‘ઓપનહેમર‘ મૂવીની સ્ટોરી જે. રોબર્ટ ઓપનહેમરની કેમ્બ્રિજથી ઓપનહેમરને વિદેશો સાથે સંબધ બદલ દોષિત ઠેરવાયા ત્યાં સુધીના કાલચક્રમાં ફેલાયેલી છે. વિશ્વની ઘણી સેલિબ્રિટીએ ‘ઓપનહેમર‘ને નિરાશાજનક મૂવી ગણાવી છે. તુંડે તુંડે મતિર્ભિન્ના એ હિસાબે દરેકના પોતપોતાના અભિપ્રાય હોઈ શકે પણ ‘ઓપનહેમર‘એ દુનિયાભરમાં ચર્ચા જગાવી છે તેમાં શંકા નથી. આ ચર્ચામાં મુખ્ય સવાલ એ છે કે, ‘ઓપનહેમર‘માં ગમે તે બતાવાયું હોય પણ વાસ્તવિક જીવનમાં જે. રોબર્ટ ઓપનહેમર હીરો છે કે વિલન છે ? અમેરિકાનો એક વર્ગ માને છે એ રીતે ઓપનહેઈમર ખરેખર દેશદ્રોહી ને ગદ્દાર હતા ? મઓપનહેઈમર અમેરિકાએ પરમાણુ બોમ્બ બનાવવા માટે હાથ ધરેલા મેનહટ્ટન પ્રોજેક્ટના વડા હતા. અમેરિકાએ બીજા વિશ્વ યુધ્ધમાં ૧૯૪૫માં પરમાણુ બોમ્બ ફેંકીને હિરોશીમા અને નાગાસાકીને તબાહ કરી નાંખ્યાં. આ બંને શહેરો આજે પણ પરમાણુ બોમ્બનાં ખતરનાક પરિણામો ભોગવે છે. એક મોટો વર્ગ માને છે કે, ઓપનહેમર ના હોત તો પરમાણુ બોમ્બ ના બન્યો હોત ને આવાં ખતરનાક પરિણામ આવ્યાં ના હોત. અમેરિકાએ બીજા વિશ્વયુધ્ધ પછી તરત જ પરમાણુ બોમ્બ બનાવવા માટેનો મેનહટ્ટન પ્રોજેક્ટ હાથ ધરેલો. હિટલરનું જર્મની છોડીને આવેલા આલ્બર્ટ આઈન્સ્ટાઈનને પરમાણુ બોમ્બ બનાવવામાં મદદ કરવા અમેરિકાએ કહેલું પણ આઈન્સ્ટાઈન તૈયાર ના થતાં ઓપનહેમરને પસંદ કરાયા એવું પણ કહેવાય છે. અમેરિકાને પરમાણુ બોમ્બ બનાવવાનો વિચાર આઈન્સ્ટાઈને જ આપેલો. આઈન્સ્ટાઈને જ અમેરિકાના પ્રમુખ રૂઝવેલ્ટને પત્ર લખીને સૂચન કરેલું કે, જર્મની પરમાણુ શસ્ત્રો બનાવી રહ્યું છે એ જોતાં અમેરિકાએ પણ પરમાણુ બોમ્બ બનાવવા વિશે વિચારવું જોઈએ. આ ઈતિહાસ છે એ જોતાં આઈન્સ્ટાઈને પરમાણુ બોમ્બ પ્રોજેક્ટનો ભાગ બનવાની વાત નકારી કાઢી એ વાતમાં કેટલો દમ છે એ રામ જાણે પણ ઓપનહેમર ના હોત તો અમેરિકા માત્ર ત્રણ જ વરસમાં પરમાણુ બોમ્બ ના બનાવી શક્યું હોત એ વિશે મોટા ભાગના વિજ્ઞાનીઓ સહમત છે. મેનહટ્ટન પ્રોજેક્ટ હેઠળ ૧૯૪૨માં પરમાણુ બોમ્બ બનાવવાનું અસલી કામ શરૂ થયું ને ત્રણ જ વર્ષમાં એટલે કે ૧૯૪૫માં તો ઓપનહેમરે પરમાણુ બોમ્બ બનાવીને અમેરિકાના હાથમાં મૂકી દીધો હતો કે જેણે તબાહી મચાવી દીધી. અમેરિકાએ વિશ્વ યુદ્ધ જીતવા માટે પરમાણુ બોમ્બનો ઉપયોગ કરીને માનવતાને નેવે મૂકી દીધી તેના માટે ઓપનહેમર જવાબદાર છે એવું માનનારો મોટો વર્ગ છે. અલબત્ત અમેરિકાએ પરમાણુ બોમ્બનો ઉપયોગ ના કર્યો હોત તો વિશ્વ યુધ્ધનું પરિણામ પણ અલગ હોત. જર્મનીનો સરમુખત્યાર એડોલ્ફ હિટલર જીતી ગયો હોત તો દુનિયાની હાલત તેણે બગાડી નાંખી હોત. હિટલરે પોતાના શાસનકાળમાં યહૂદીઓ પર ભારે અત્યાચાર કરેલા. ગેસ ચેમ્બર્સમાં ઝેરી ગેસ છોડીને યહૂદીઓને મોતને ઘાટ ઉતારનારા હિટલરે પોતાની જીત પછી કાળો કેર વર્તાવી દીધો હોત. જાપાન પણ સમગ્ર એશિયા પર હાવી થઈ ગયું હોત ને અંગ્રેજોના તાબા હેઠળના દેશો જાપાનની એડી નીચે આવી ગયા હોત તો જાપાને પણ યુધ્ધનો ખર્ચ વસૂલવા તેમના પર અત્યાચારો કરવામાં કોઈ કસર ના છોડી હોત એવું માનનારો વર્ગ પણ છે. આ કારણે અમેરિકા પાસે પરમાણુ બોમ્બનો ઉપયોગ કરવા સિવાય કોઈ વિકલ્પ નહોતો. હિટલર સફળ થયો હોત તો બીજા વિશ્વયુધ્ધ પછી દુનિયાભરમાં નાઝીવાદ પ્રકારની કટ્ટર જમણેરી વિચારધારા પ્રબળ બની હોત એ વાત સાચી છે. આ સંજોગોમાં ઓપનહેમરે તો ફટાફટ પરમાણુ બોમ્બ બનાવી આપીને દુનિયાને હિટલરના આતંકથી બચાવી લીધી એ દલીલને નકારી શકાય તેમ નથી.

# વડોદરા હીટ એન્ડ રનના ૪૮ કલાક વીત્યા હોવા છતાં પોલીસ મૌન

(સંપૂર્ણ સમાચાર સેવા)
વડોદરા,

વડોદરાનાં માંજલપુર પાસે ૨૩ જુલાઈનાં રોજ રાત્રીનાં સુમારે હિટ એન્ડ રનનો બનાવ બન્યો હતો. જેમાં માંજલપુર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ સામે અકસ્માતનો બનાવ બન્યો હતો.

જેમાં પુરપાટ ઝડપે કાર ચલાવતા કાર ચાલક દ્વારા મહિલાને હડફેટે લેતા મહિલાને ગંભીર ઈજાઓ પહોંચતા તાત્કાલિક મહિલાને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. અકસ્માત સર્જયા બાદ કાર ચાલક ફરાર થઈ ગયો હતો.

આ ઘટનાં ૨૩ જુલાઈનાં રોજ સાંજે બની હતી.

જેમાં સ્કૂટર પર જઈ રહેલ મહિલા ઉમાં ચૌહાણને પુર ઝડપે ગાડી ચલાવી રહેલ કાર ચાલેક હડફેટે લીધી હતી. ત્યારે સમગ્ર હીટ એન્ડ રનની ઘટનાનાં સીસીટીવી સામે આવ્યા હતા. ત્યારે ઘટનાને બે દિવસ થવા છતાં પણ માંજલપુર પોલીસે હજુ સુધી કંઈ કાર્યવાહિ કરી નથી.

તેમજ માંજલપુર પોલીસે ઈજાગ્રસ્ત મહિલા ઉમાં ચૌહાણનું નિવેદન પણ લીધું નથી.

અમદાવાદનાં ઈસ્કોન બ્રિજ અકસ્માતમાં ૯ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યા બાદ એકાએક કુંભકર્ણની નિદ્રામાંથી સફાળી જાગેલી પોલીસ દ્વારા રાજ્યમાં ટ્રાફિક ડ્રાઈવ કરવાની મોટી મોટી વાત કરી રહી છે.

તો બીજી તરફ માંજલપુરમાં બે દિવસ પહેલા જ રાત્રીનાં સુમારે બનેલી હિટ એન્ડ રનની ઘટનાનાં સીસીટીવી સામે આવ્યા હોવા છતાં પોલીસ દ્વારા કાર ચાલકને જાણે બચાવવાનો પ્રયત્ન કરી રહી હોય તેમ હજુ સુધી તેની સામે કોઈ જ કાર્યવાહી શુદ્ધા પણ કરી નથી કે ઈજાગ્રસ્ત મહિલાનું નિવેદન નોંધવાની તસ્દી પણ લીધી નથી. ત્યારે આ હિટ એન્ડ રનની ઘટનામાં પોલીસ આગળ શું કાર્યવાહી કરશે તે એક પ્રશ્ન છે.

આ બાબતે મહિલા ઉમા ચૌહાણે જણાવ્યું હતું કે હું એક્ટિવા લઈને મારા ઘરે જઈ રહી હતી.

તે દરમ્યાન એક ફોર વ્હીલર વાળાએ કટ મારી મને તેની ગાડી ઠોકી દીધી હતી. જે બાદ મને કંઈ યાદ નથી. જ્યારે હું ભાનમાં હતી ત્યારે હોસ્પિટલમાં દાખલ હતી. વધુમાં મહિલાએ જણાવ્યું કે એ વિસ્તારમાં ખાણીપીણીની દુકાન આવેલી હોઈ રાત્રીનાં સમયે ભારે ભીડ હોય છે.

આ કાર ચાલકને પકડો મારી જગ્યાએ બીજું કોઈ પણ હોઈ શકે છે. તે કાર ચાલકનો પોતાની ગાડી પર જ કાબુ ન હતો.

# મેઘાલયમાં મુખ્યમંત્રી ઓફિસ પર ભીડે કર્યો પથ્થરમારો

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી,

સેંકડો નારાજ લોકોએ સોમવારે મેઘાલયના મુખ્યમંત્રી કોનરાડ સંગમાની ઓફિસનો ઘેરાવ કર્યો હતો. આ દરમિયાન પ્રદર્શનકારીઓ અને સુરક્ષાકર્મીઓ વચ્ચે ઘર્ષણ થયું હતું, જેમાં ઓછામાં ઓછા પાંચ સુરક્ષાકર્મીઓ ઘાયલ થયા હતા. ઘટના સમયે સીએમ સંગમા કેમ્પસની અંદર હાજર હતા. જો કે, તે સંપૂર્ણપણે સુરક્ષિત છે અને સુરક્ષાના કારણોસર તેઓ ઘરની અંદર જ છે. વાસ્તવમાં મુખ્યમંત્રી કોનરાડ સંગમા ACHIK, GHSMC સહિત વિવિધ વિરોધ કરી રહેલા નાગરિક સંસ્થાઓ સાથે મહત્વપૂર્ણ બેઠક કરી રહ્યા હતા. તેમની વચ્ચે મુખ્યમંત્રી કાર્યાલયમાં ત્રણ કલાકથી વધુ સમય સુધી ચર્ચા ચાલી હતી. આ દરમિયાન કેમ્પસની બહાર ભારે ભીડ એકઠી થઈ ગઈ અને સૂત્રોચ્ચાર કરવા લાગ્યા હતા. ઉશ્કેરાયેલા ટોળાએ આ દરમિયાન પથ્થરમારો પણ કર્યો હતો અને સીએમ ઓફિસની બારીઓના કાચ પણ તોડી નાખ્યા હતા. જવાબી કાર્યવાહીમાં પોલીસે ત્યાં એકઠા થયેલા ભીડને વિખેરવા માટે ટીયર ગેસના શેલ છોડ્યા હતા. આ અથડામણમાં અત્યાર સુધીમાં ઓછામાં ઓછા પાંચ સુરક્ષાકર્મીઓ ઘાયલ થયા છે.

જ્યારે મુખ્યમંત્રી કાર્યાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, પરિસ્થિતિને નિયંત્રણમાં લાવવામાં આવી છે, પરંતુ સ્થિતિ ‘ખૂબ જ તણાવપૂર્ણ‘ છે. સીએમ ઓફિસના જનસંપર્ક અધિકારીએ કહ્યું હતું કે મેઘાલયના મુખ્યમંત્રી કોનરાડ સંગમા ગારો-હિલ્સ સ્થિત આંદોલનકારી સંગઠનો સાથે ચર્ચા કરી રહ્યા હતા જેઓ તુરામાં શિયાળાની રાજધાની માટે ભૂખ હડતાળ પર છે. દરમિયાન, તુરામાં સીએમઓ પર ભીડ (આંદોલનકારી જૂથો સિવાય) એકત્ર થઈ અને પથ્થરમારો શરૂ કર્યો હતો. પોલીસે ભીડને વિખેરવા માટે ટીયર ગેસના સેલ છોડ્યા હતા. જ્યારે ૫ પોલીસકર્મી ઘાયલ થયા હતા. સીએમ અને પબ્લિક હેલ્થ એન્જિનિયરિંગ મંત્રી સીએમઓ તુરામાં મામલાની દેખરેખ રાખી રહ્યા છે. તુરા શહેરમાં તાત્કાલિક અસરથી નાઈટ કર્ફ્યુ લાગુ કરી દેવામાં આવ્યો છે. મુખ્યમંત્રીએ ઘાયલો માટે ૫૦-૫૦ હજાર રૂપિયાની સહાયની જાહેરાત કરી છે અને કહ્યું છે કે તેમની સારવારનો ખર્ચ રાજ્ય સરકાર ઉઠાવશે. દરમિયાન, મુખ્યમંત્રી સાથે મુલાકાત કરી રહેલા નાગરિક સંસ્થાઓના સભ્યોએ હુમલાથી પોતાને અલગ કર્યા હતા. તેમણે કહ્યું કે ટોળામાં સામેલ લોકો તેમના નથી અને તેમને આ હુમલા સાથે કોઈ લેવાદેવા નથી. પોલીસ અધિકારીઓએ કહ્યું કે વિરોધીઓ તુરાને શિયાળુ રાજધાની બનાવવાની માંગ કરી રહ્યા હતા, જ્યારે મોટી સંખ્યામાં બહારના લોકો તેમની સાથે જોડાયા.

## રેલ ટિકિટ બુકિંગના પૈસા કપાવા છતાં ટિકિટ બુક ન થઈ હોવાની ફરિયાદો

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી,

દેશમાં રેલવે ટ્રાન્સપોર્ટને સૌથી સુરક્ષિત અને સુવિધાજનક માનવામાં આવે છે. મોટા ભાગના લોકો પરિવહન માટે રેલવેનો ઉપયોગ કરે છે. જેમાં આજે કરોડો લોકોને મુશ્કેલી વેઠવી પડી કારણ કે આજે સવારથી જ આઈઆરસીટીસીસાઈટ અથવા એપ દ્વારા ટિકિટ બુકિંગ માટે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ઘણા લોકોએ ટ્વિટ કરીને રેલવે પાસે આ સમસ્યાના સમાધાનની માંગની પણ કરી છે. આઈઆરસીટીસીદ્વારા આ અંગે લોકોને જવાબ પણ આપવામાં આવી રહ્યો છે.રેલવેના જવાબ પરથી જાણવા મળ્યું છે કે ટેકનીકલ સમસ્યાના કારણે આ અસુવિધા સર્જાઈ છે.

રેલવે લોકોને આઈઆરસીટીસીના ચેટબોટ દિશાની મદદથી ટિકિટ બુક કરાવવાની અપીલ કરી રહી છે. પરંતુ જે લોકોએ આ કર્યું તેઓ પણ ચિંતિત છે અને તેમની સમસ્યાઓ સાથે સંબંધિત સ્ક્રીનશોટ શેર કરતી વખતે તેઓએ કહ્યું છે કે, આના દ્વારા પણ ટિકિટ બુક કરવામાં

# કેનેડામાં ભારતીય વિદ્યાર્થીની કારજેકિંગ દરમિયાન હત્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)
કેનેડા,

કેનેડામાં ૨૪ વર્ષીય ઈન્ડિયન સ્ટુડન્ટની જાહેરમાં હત્યા કરી દેતા ચકચાર મચી ગઈ છે. મિસિસોગાના ક્રેડિટવ્યૂ રોડના વિસ્તારમાં ગુરવિંદર નાથ પિત્ઝા ડિલિવરી બોય તરીકે પણ પાર્ટ ટાઈમ નોકરી કરી રહ્યો હતો. ત્યારે અચાનક મોડી રાત્રે ૨ વાગ્યાની આસપાસ એક ઓર્ડર પ્લેસ થયો અને નજીકના વિસ્તારમાં જ તેને ડિલિવર કરવાનો હતો.

તે જેવો ઓર્ડર લઈને ત્યાં પહોંચ્યો કે તરત જ કેટલાક અજાણ્યા શખસોએ તેના પર હુમલો કરી દીધો હતો. તેને ગંભીર ઈજાઓ પહોંચાડી તેને લૂંટી લીધો અને બાદમાં ફરાર થઈ ગયા હતા. ઉલ્લેખનીય છે કે જાહેરમાં આ પ્રમાણેની ઘટના બનતા માહોલ તંગ બની ગયો હતો. આસપાસ જે લોકો હતા તે પણ મદદે દોડી આવ્યા હતા, તો બીજી બાજુ પોલીસને આ ઘટનાક્રમ અંગે ઘણી શંકાઓ પણ થઈ રહી છે. કેનેડામાં પિત્ઝા ડિલિવરી બોય તરીકે કામ કરતા ભારતીય વિદ્યાર્થી ગુરવિંદ નાથની જાહેરમાં હત્યા થતા ચકચાર મચી ગઈ છે. એટલું જ નહીં ઈન્વેસ્ટિગેટર્સે જણાવ્યું કે આ કેસમાં એક નહીં ઘણા લોકોની સંડોવણી હોવાનું અનુમાન લગાવાઈ રહ્યું છે. તેમને શંકા છે કે આ કોઈ અંગત અદાવત હોઈ શકે છે. એટલું જ નહીં ફુડ ઓર્ડર કરીને એક સ્પેસિફિક જગ્યાએ બોલાવવા માટેનો કેટલાક શખસોનો પ્લાન હોઈ શકે છે. જ્યારે આ યુવક ત્યાં પહોંચ્યો કે તરત જ તેની પર હુમલો કરી દેવામાં આવે છે. ઈન્વેસ્ટિગેટર્સે વધુમાં જણાવ્યું કે અહીં સુમસામ વિસ્તાર પણ નહોતો. અન્ય લોકો પણ અવર જવર કરતા હતા. કારણ કે જેવો આ યુવક પર હુમલો કરાયો અને તેને ગંભીર ઈજા પહોંચી કે તરત જ હુમલાખોરો ભાગી ગયા હતા. જોતજોતામાં ત્યાં સ્થાનિકો તેની મદદે પણ આવ્યા હતા અને તેને ટ્રોમા સેન્ટર સુધી પહોંચાડ્યો હતો. જેથી કરીને ઈન્વેસ્ટિગેટર વધુ એક એન્ગલ પણ સર્ચ કરે છે જેમાં તેમને શંકા છે કે માત્ર આ યુવક પર જ કેમ હુમલો થયો અને તે હજુ ફુડ ડિલિવર કરે એ પહેલા જ એકપછી એક વાર તેના પર થયા હતા. જોકે આ ક્રાઈમને વિવિધ એન્ગલથી ઈન્વેસ્ટિગેટર્સ તપાસી રહ્યા છે. ટ્રોમા સેન્ટર લઈ જતા પહેલા જ આ યુવકનું મૃત્યુ થયું હતું. ઉલ્લેખનીય છે કે આ અંગે ભારતના કોન્સોલ જનરલ કે જે ટોરોન્ટોમાં છે તેમણે જણાવ્યું કે ગુરવિંદર નાથનું મૃત્યુ અત્યંત શોકિંગ છે. મારી તેના પરિવાર પ્રત્યે સંવેદના છે. હું સમજી શકુ છું આ કપરા સમયમાં તેના પરિવાર પર શું વિતી હશે. અત્યારે તેના મિત્ર વર્તુળથી લઈ સંબંધીઓમાં શોકનું મોજુ પ્રસરી ગયું છે. એટલું જ નહીં તેમણે એવું પણ જણાવ્યું કે મેં તેના પરિવારજનોને સંપર્ક સાધી દીધો છે. નોંધનીય છે કે કેનેડામાં ગુરવિંદર નાથનું મૃત્યુ થતા જ પરિવારના માથે આભ ફાટ્યું હતું. જેના પગલે કેનેડાથી લઈ ઈન્ડિયામાં રહેતા તમામ સંબંધીઓ, મિત્રોએ ઓનલાઈન કે ઓફલાઈન રીતે તેમને સપોર્ટ આપ્યો હતો. આની સાથે જ કોન્સલ જનરલે એમપણ કહ્યું છે કે જે લોકો આની પાછળ જવાબદાર છે તેમને સજા થવી જ જોઈએ.

પોલીસે તપાસ બાદ નિવેદન આપ્યું કે ગુરવિંદર નાથનો કઈ વાંક જ નહોતો. વધુમાં કહ્યું કે નાથનું વ્હિકલ ઘટનાસ્થળથી લગભગ ૫ કિલોમીટર દૂર મળી આવ્યું હતું. પોલીસે બીજી થિયરી જણાવી કે અત્યારે જોવાજઈએ તો હજુ સુધી હત્યારાઓની તપાસ થઈ નથી. પરંતુ અનુમાન લગાવાઈ રહ્યું છે કે વ્હિકલ જલદીથી પચાવી પાડવા માટે તેની હત્યાનો પ્રયોસ થઈ શક્યો હશે. નોંધનીય છે કે ઈન્વેસ્ટિગેટર્સની ટીમ તમામ પાસાને ધ્યાનમાં રાખીને કામ કરે છે, એટલે હત્યા અને તેનું કનેક્શન કયું છે એ જાણવા સતત સર્ચ ઓપરેશન ચાલતું રહેશે. પોલીસ અધિકારી કિંગે કહ્યું કે હું ગુરવિંદ નાથના હત્યારાઓને એક જ વાત જણાવીશ કે જે જે આ હત્યામાં સંડોવાયેલા છે.

તેમને પકડી પાડવામાં આવશે અને એટલું જ નહીં તેમની પર કાયદેસરની કાર્યવાહી પણ થશે. એકપણ હત્યારો કાયદાકીય સજાથી બચશે નહીં, હું તમામની ધરપકડ કરી દઈશ. કેનેડિયન બ્રોડકાસ્ટિંગ કોર્પોરેશને જણાવ્યું કે નાથનો પાર્થિવ દેહ ૨૭ જુલાઈના દિવસે ભારત લાવવામાં આવશે. ગુરવિંદર નાથના પરિવારજનો અને મિત્રો સાથે વાતચીત થઈ એમાં તેમણે જણાવ્યું કે જુલાઈ ૨૦૨૧માં નાથ અહીં કેનેડામાં આવ્યો હતો. એટલું જ નહીં હવે તો બિઝનેસ સ્કૂલના છેલ્લા સેમિસ્ટરમાં તે અભ્યાસ કરી રહ્યો હતો. તેને એક જ સપનું હતું કે કેનેડામાં વસવાટ કરીને મોટો બિઝનેસ મેન બનવું છે. ઉલ્લેખનીય છે કે શનિવારે ગુરવિંદર નાથને શ્રદ્ધાંજલી આપવા માટે ૨૦૦ લોકો મિસાસોગામાં કેન્ડલ માર્ચ કરી હતી. બોબી સંધૂ કે જે નાથનો ખાસ મિત્ર અને સંબંધીનો દીકરો છે તેણે કહ્યું કે તે કેનેડામાં એક સપનું લઈને આવ્યો હતો, સતત એને પૂરૂ કરવા માટે મહેનત કરતો હતો અને અચાનક કોઈક આવે છે અને બધુ નષ્ટ કરી જતું રહે છે. આ મિત્રએ વધુમાં કહ્યું કે કેનેડા એક સેફ કંટ્રી છે. અહીં લોકો ઘણા સુરક્ષિત છે. પરંતુ અચાનક છેલ્લા ઘણા સમયથી આવી નિર્દયતાથી હત્યા કરી દેવાઈ હોય એવા કિસ્સાઓ સામે આવતા રહે છે. જેથી કરીને આપણે સુરક્ષા વ્યવસ્થા પર વધુ બાજ નજર રાખવી જોઈએ. કારજેકિંગ અને પિત્ઝા ડિલિવરીનું જે કનેક્શન નિકળ્યું છે એમાં ઈન્વેસ્ટિગેટર વિવિધ એન્ગલથી તપાસ કરી જ રહ્યા છે. હવે જોવાજેવું રહ્યું કે આગળ શું થશે.

# નવ વર્ષમાં મની લોન્ડરિંગ કેસમાં ૯૩ ટકાથી વધુ દોષિત

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી,

ભારત સરકારે ગઈકાલે સંસદમાં જણાવ્યું હતું કે, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટએ છેલ્લા નવ વર્ષમાં મની લોન્ડરિંગના કેસમાં ૯૩ ટકાથી વધુને દોષિત ઠેરવ્યા છે. નાણા રાજ્ય મંત્રી પંકજ ચૌધરીએ લોકસભામાં એક લેખિત જવાબમાં જણાવ્યું હતું કે, ૧૩ જુલાઈ સુધીમાં ફેડરલ એજન્સીમાં ૨૫ ટકાથી વધુ જગ્યાઓ ખાલી હતી. તેમના નિવેદન મુજબ, ઈડીપાસે ૨,૦૭૫ કર્મચારીઓની મંજૂર સંખ્યા છે અને તેમાંથી, ૧,૫૪૨ પોસ્ટ્સ હાલમાં કાર્યરત છે.

છેલ્લા નવ વર્ષમાં મની લોન્ડરિંગના કેસોમાં ઈડીના દોષિત ઠરાવના દર અંગેના પ્રશ્નના જવાબમાં મંત્રીએ જણાવ્યું હતું કે, છેલ્લા નવ વર્ષો દરમિયાન મની લોન્ડરિંગ નિવારણ કાયદા (પીએમએલએ)ના ૩૧ કેસોની ટ્રાયલ પૂર્ણ થઈ છે, જેના પરિણામે ૨૯ કેસોમાં ૫૪ આરોપીઓને દોષિત ઠેરવવામાં આવ્યા છે. આમ, આજની તારીખે, પીએમએલએહેઠળ દોષિત ઠેરવવાનો દર ૯૩.૫૪ ટકા છે. મંત્રીએ કહ્યું કે, કેટલાક એવા કિસ્સાઓ છે કે જેમાં કાયદા અમલીકરણ એજન્સીઓ દ્વારા તપાસ કરાયેલા પ્રિડિકેટ અપરાધોને રદ કરવાને કારણે પીએમએલએહેઠળની કાર્યવાહી આગળ વધી શકી નથી.

સરકારે સંસદમાં માહિતી આપી હતી કે ૨૦૨૧માં સાયબર ફ્રોડના ૧૪,૦૦૭ કેસ નોંધાયા હતા. નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરોના ડેટાને ટાંકીને, નાણા રાજ્ય મંત્રી ભગવત કરાડે જણાવ્યું હતું કે ૨૦૨૧ માં ઓનલાઈન એપ્સ દ્વારા કરવામાં આવેલા સાયબર છેતરપિંડીના કેસોની કુલ સંખ્યા ૧૪,૦૦૭ છે. આ પ્રકાશિત આંકડા વર્ષ ૨૦૨૧ને સલગ્ન જોવા મળે છે.

# રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ગુણવત્તાયુક્ત શિક્ષણ અને સર્વાંગી વિકાસનો માર્ગ મોકળો કરી રહી છેઃ પ્રો. રમાશંકર દુબે



ગાંધીનગર. ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં દેશની સમૃદ્ધ પ્રતિભા અને સંસાધનોનો ઉપયોગ કરીને વ્યક્તિ, સમાજ અને રાષ્ટ્રના વિકાસ માટે કાર્ય કરવામાં આવે છે. ભારત વિશ્વમાં સૌથી યુવા વસ્તી ધરાવતો દેશ છે. દેશના યુવાનોને ગુણવત્તાયુક્ત શૈક્ષણિક તકો પૂરી પાડીને જ આત્મનિર્ભર ભારતની કલ્પના સાકાર થઈ શકે છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ એ આ વિઝનને સાકાર કરવા માટે મજબૂત પાયો નાખ્યો છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિએ સર્વસમાવેશક અને ગુણવત્તાયુક્ત શિક્ષણને સુનિશ્ચિત કરવા અને જીવનભર શીખવાની તકોને પ્રોત્સાહન આપવા માટે કાર્યક્ષમ માર્ગ મોકળો કરવા માટે કામ કર્યું છે. નેશનલ એજ્યુકેશન પોલિસીને ત્રણ વર્ષ પૂર્ણ થયા હોવાથી, ગુજરાતની સેન્ટ્રલ યુનિવર્સિટીએ દ્વઈના ઘણા મુખ્ય મુદ્દાઓને અમલમાં લાવવામાં સફળતા હાંસલ કરી છે. યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર પ્રો. રમાશંકર દુબેએ બુધવારે એક પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે વ્યક્તિના સંપૂર્ણ વિકાસની કલ્પનાને સર્વગ્રાહી શિક્ષણ દ્વારા જ સાકાર કરી શકાય છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ સમગ્ર વ્યક્તિત્વ વિકાસ માટે વરદાન સાબિત થઈ રહી છે. છેલ્લા ત્રણ વર્ષમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિના ઘણા મુદ્દાઓ યુનિવર્સિટીમાં લાગુ કરવામાં આવ્યા છે, જેમાં નીચેના મુદ્દાઓનો સમાવેશ થાય છે.

સર્વગ્રાહી શિક્ષણનો સમાવેશઃ વિદ્યાર્થીને શૈક્ષણિક સંસ્થાઓમાં સર્વગ્રાહી શિક્ષણનું જ્ઞાન માત્ર શૈક્ષણિક જ્ઞાન માટે જ નહીં પરંતુ તેમના શારીરિક, માનસિક, ભાવનાત્મક, નૈતિક અને સામાજિક જ્ઞાનમાં વધારો કરવા માટે અત્યંત જરૂરી છે. ગુજરાતની સેન્ટ્રલ યુનિવર્સિટીએ સ્નાતક અને અનુસ્નાતક સ્તરે દરેક સેમેસ્ટર માટે બે ક્રેડિટ કોર્સ લાગુ કર્યા છે. આની મદદથી વિદ્યાર્થીઓને માત્ર અભ્યાસક્રમનું જ નહીં પરંતુ સમગ્ર શિક્ષણનું પણ સંપૂર્ણ જ્ઞાન મળી રહ્યું છે. બે ક્રેડિટના ૧૬ મલ્ટિડિસિપ્લિનરી અભ્યાસક્રમ : યુનિવર્સિટી દ્વારા મલ્ટિડિસિપ્લિનરી પ્રોગ્રામ્સ પણ શરૂ કરવામાં આવ્યા છે. જેમાં નાના વૈકલ્પિક અભ્યાસક્રમોમાં ૧૬ મલ્ટિડિસિપ્લિનરી પ્રોગ્રામ શરૂ કરવામાં આવ્યા છે. વાઈસ ચાન્સેલરે માહિતી આપી હતી કે દરેક કાર્યક્રમને ૨ ક્રેડિટનું વેઈટેજ આપવામાં આવ્યું છે. યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ તેમની રુચિ મુજબ આ મલ્ટિડિસિપ્લિનરી પ્રોગ્રામ્સમાં પ્રવેશ લઈ રહ્યા છે. યુનિવર્સિટીની લર્નિંગ મેનેજમેન્ટ સિસ્ટમઃ ક્લાસ-રૂમ અભ્યાસની સાથે ઓનલાઇન શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે, યુનિવર્સિટીએ તેની પોતાની લર્નિંગ મેનેજમેન્ટ સિસ્ટમ શરૂ કરી છે. આ સાથે વિદ્યાર્થીઓએ ક્રેડિટ ટ્રાન્સફર હેઠળ સ્વયમ્ પોર્ટલ પર પોતાનું રજીસ્ટ્રેશન કરાવ્યું છે. કુલપતિ શ્રી એ જણાવ્યું કે, ઓનલાઈન કોર્સ પસંદ કરીને વિદ્યાર્થીઓ પણ પોતાની પસંદગીના વિષયોનો અભ્યાસ કરી રહ્યા છે.

DigiLocker સુવિધાઃ વિદ્યાર્થીઓને ક્લાઉડમાં એકાઉન્ટ બનાવીને અને તેમને સુરક્ષિત રાખીને શૈક્ષણિક માર્કશીટ અને અન્ય અધિકૃત દસ્તાવેજો અથવા પ્રમાણપત્રો ઍક્સેસ કરવા માટે ડિજિટલ એકાઉન્ટ આપવામાં આવ્યું હતું. તેના પર યુનિવર્સિટીના તમામ વિદ્યાર્થીઓએ પોતાનું ખાતું ખોલાવ્યું છે. દરેક એકાઉન્ટ નકલો અપલોડ કરવા માટે એક ૫મ સુધીનો સ્ટોરેજ પ્રદાન કરે છે. મલ્ટિડિસિપ્લિનરી સર્ટિફિકેટ અને ડિપ્લોમા કોર્સઃ ડિગ્રી કોર્સના ફોર્મેટ મુજબ યુનિવર્સિટીમાં મલ્ટિડિસિપ્લિનરી સર્ટિફિકેટ અને ડિપ્લોમા કોર્સ પણ શરૂ કરવામાં આવ્યા છે. વિદ્યાર્થીઓ ખુશીથી તેમની પસંદગી કરી રહ્યા છે અને ડિગ્રી કોર્સ સાથે અભ્યાસ કરી રહ્યા છે. સંશોધન અને વિકાસ સેલઃ ઉચ્ચ શિક્ષણમાં સંશોધન અને નવીનતાને પ્રોત્સાહન આપવા માટે, યુનિવર્સિટીમાં સંશોધન અને વિકાસ સેલની સ્થાપના કરવામાં આવી છે. સામાજિક દષ્ટિકોણથી સંબંધિત સંશોધનને નવા પરિમાણો આપવા માટે, કોષ સંશોધકો અને વિદ્યાર્થીઓને મૂલ્યવાન સંશોધન માહિતી પ્રદાન કરે છે. ઉચ્ચ અભ્યાસમાં વિદ્યાર્થીઓની સંશોધન સમસ્યાઓ પણ સેલ દ્વારા ઉકેલવામાં આવે છે. પ્રાદેશિક ભાષાઓમાં અધ્યયન-અધ્યાપનઃ અધ્યયનના સ્તરને સરળ બનાવવા તેમજ ઓછા સમયમાં વધુ ગુણવત્તાયુક્ત માહિતીથી સમૃદ્ધ થવા માટે પ્રાદેશિક ભાષાઓમાં

### રોગગ્રસ્ત બાળકોને સ્કૂલામાંથી તત્કાળ ઘરે મોકલી દેવાની સૂચના

# અમદાવાદ શહેરમાં કન્જક્ટિવાઈટિસના કેસોમાં સતત વધારો ,૨૬૩ કેસ નોંધાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)

અમદાવાદ,

તાજેતરના ભેજવાળા વાતાવરણના કારણે શહેરમાં ઠેર-ઠેર કન્જક્ટિવાઈટિસના કેસ જોવા મળી રહ્યા છે. અમદાવાદમાં નાનાથી લઈને મોટા સુધીના લોકો આ રોગનો ભોગ બની રહ્યા છે. સિવિલ હોસ્પિટલમાં જ છેલ્લા ૨૪ કલાકમાં કન્જક્ટિવાઈટિસના ૨૬૩ કેસ નોંધાયા છે. ખાનગી શાળાઓમાં તો આ કેસના મામલે વિદ્યાર્થીને તરત જ ઘેર મોકલી દેવાય છે અને હવે મ્યુનિસિપલ શાળાઓમાં પણ આ રોગે ફેલાવો કર્યો હોઈ તંત્ર પણ સાવધ બન્યું છે. અમદાવાદમાં સતત ભેજયુક્ત વાતાવરણના કારણે આંખના રોગ કન્જક્ટિવાઈટિસના કેસમાં મોટો ઉછાળો જોવા મળ્યો છે. સરકારી દવાખાના અને ખાનગી દવાખાનામાં લોકો આંખોની તકલીફની ફરિયાદો લઈને આવી રહ્યા છે.

વિવિધ હોસ્પિટલની ઓપીડીમાં દર દસમાંથી સાતથી આઠ કેસ કન્જક્ટિવાઈટિસ એટલે કે ‘અખિયાં મિલાકે‘ના આવી રહ્યા છે.

આ દરમિયાન અમદાવાદ મ્યુનિ. શિક્ષક મંડળે મ્યુનિ. શાળાઓમાં અખિયાં મિલાકેનો ચેપ ફેલાયો હોઈ આ ચેપનો ભોગ બનેલાં બાળકોને શાળામાં બે દિવસ રજા આપવાની માગણી કરી છે.

આ ઉપરાંત કન્જક્ટિવાઈટિસનો ભોગ બનેલા શિક્ષકોને પણ ઓન ડ્યૂટી ગણી બે દિવસની રજા આપવા બાબતે માગણી કરાઈ છે. પ્રમુખ મનોજ પટેલે આ અંગે મ્યુનિ. સ્કૂલ બોર્ડના શાસનાધિકારી ડો. એલ. ડી. દેસાઈને પત્ર લખ્યો છે.

આ દરમિયાન આ અંગે મ્યુનિ. સ્કૂલ બોર્ડના શાસનાધિકારી ડો. એલ. ડી. દેસાઈને પૂછતાં તેઓ કહે છે, ‘અખિયાં મિલાકે‘નાં રોગગ્રસ્ત બાળકોને તત્કાળ ઘરે મોકલી દેવાની સૂચના શિક્ષકોને અપાઈ છે. આ રોગના ચેપથી બચવા શું કરવું અને શું ના કરવું વગેરે બાબતોને લગતો પરિપત્ર આજે પ્રસિદ્ધ કરાશે.

આંખમાંથી પાણી પડવું, આંખ લાલ થવી, આંખમાં ચીપડા વળવા, આંખમાં દુખાવો અને પાંપણ પર સોજો આવે તેમજ યોગ્ય સારવારના અભાવે આંખની કીકી પર ચાંદી કે સોજો આવી જતાં દૃષ્ટિને નુકસાન થાય છે. વરસાદમાં કપડાંમાં બેક્ટેરિયા મરી જાય તેવા લિક્વિડનો ઉપયોગ કરવો, ઘરમાં સૂકવેલાં કપડાં સંપૂર્ણ સુકાય તેની કાળજી રાખવી, દર્દીનાં કપડાં અલગ ધોવાં અને અલગ જગ્યાએ મૂકવાં,

## યુવક કન્ટેનર નીચે આવ્યા છતાં ચમત્કારિક બચાવ

વાપી,

વાપી પાસે અમદાવાદ-મુંબઈ નેશનલ હાઈવે પર પડેલા ખાડાને કારણે એક બાઈકચાલક ખાડામાં પટકાયો હતો. હાઈવે પર ફંગોળાયા બાદ બાજુમાંથી જ પસાર થતા એક કન્ટેનરના ટાયરમાં આવતા માંડ બચ્યો હતો. રાત્રે હાઈવે પર બનેલી આ ઘટનાના દ્રશ્યો પાછળથી આવતી એક કારના ડેસ્કબોર્ડ પર લગાવેલા કેમેરામાં કેદ થઈ ગયા હતા. બનાવની વિગત મુજબ વાપીથી વલસાડ તરફ જતા બલિઠા નજીક અમદાવાદ-મુંબઈ નેશનલ હાઈવે પર પાછલી રાત્રે પારડીના મોટા તાઈવાડ વિસ્તારમાં રહેતા અબ્દુલ રહેમાન ઉંમરમિયાં નામનો યુવક વાપીથી નોકરી પતાવી અને ઘરે પરત ફરી રહ્યો હતો.












Printer / Publisher / Owner & Editor : NIKITA R. SAXENA • Printed At :- PAVANPUTRA OFFSET., G.I.D.C., SECTOR-28, GANDHINAGAR, GUJARAT - 382028
Published - 45, KONARK SOCIETY, NEAR, SUNDARAM COMPLEX, EX. JAWAHAR CHOWK, SABARMATI, AHMEDABAD - 380019.